**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

**તા.૨૪/૧૧/૨૦૧૫ મંગળવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૩૬૯/૧૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૪ કેસ કરી ૨૩ વ્યક્તિઓને ઝડપી ૯૩ લીટર દેશી દારૂ કબજે કર્યો હતો.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૩૭૦/૧૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૭૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૩ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**ચોરી :** **સમાચાર યાદી નં.૨૩૭૧/૧૫**

**કાલુપુર :** અશોકભાઇ જયરામદાસ વાટવાણી (ઉ.વ.૫૭)(રહે.સીંધી સોસાયટી, સાંઇબાબા મંદિરની પાછળ, સરદારનગર) એ તા.૨૩/૧૧/૧૫ નારોજ કાલુપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૧/૧૧/૧૫ રાતનાં ૮/૩૦ થી ૮/૪૫ વાગ્યા દરમ્યાન કાલુપુર રેવડી બજાર, આઝાદ સ્વીટસની ગલી સામે, ફ્રુટની લારી નજીક પોતાનું ઇટર્નો સ્કુટર પાર્ક કર્યુ હતુ. જે ઇટર્નોનાં હેન્ડલમાં ભરાવેલ ચાવીથી અજાણી વ્યક્તિએ ડેકી ખોલી, સ્કુટરની ડેકીમાંથી જરૂરી દસ્તાવેજો અને રોકડા રૂપિયા ૫,૯૧,૦૦૦/- મુકેલ પાકીટની ચોરી કરી લઇ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.પી.મેઘલાતર ચલાવે છે.

**ગુમ થવા બાબતઃ-** **સમાચાર યાદી નં.૨૩૭૨/૧૫**

| | |
|---|---|
| **કૃષ્ણનગર :** શારદાબહેન વરદારામ પ્રજાપતિ (ઉ.વ.૧૮)(રહે.ઉત્તમપાર્ક સોસાયટી, ઠક્કરનગર, નરોડા) તા.૨૭/૧૦/૧૫ રાતના ૮/૩૦ વાગ્યાના સુમારે થી ગુમ છે. મજબુત બાંધાના અને ઘઉવર્ણા છે. વાદળી રંગનું ટોપ અને કાળા રંગની લેગીઝ પહેરી છે. ગળાના નિચે કોઢનાં નિશાન છે. ઉંચાઈ ૪ ફુટ ૮ ઈંચ છે.(કૃષ્ણનગર પો.સ્ટે.ફોન નંબર ૨૨૮૨૧૪૫૧) |  |
| **નરોડાઃ** મયુરભાઈ ડાહ્યાભાઇ કાપડીયા (ઉ.વ.૩૬)(રહે.સન એક્ઝોટીકા હંસપુરા, ગેલેક્ષી ૮૮ ની બાજુમાં, નરોડા દહેગામ રોડ, નરોડા) તા.૩૧/૧૦/૧૫ સાંજના ૫/૦૦ વાગ્યાના સુમારે થી ગુમ છે. મજબુત બાંધાના અને ઘઉવર્ણા છે. વાદળી પટ્ટાવાળી ટી-શર્ટ અને કાળા રંગનુ પેન્ટ પહેર્યુ છે. ઉંચાઈ ૫ ફુટ ૧૦ ઈંચ છે(નરોડા પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૨૮૧૫૮૧૪) |  |



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

| | |
|---|---|
| **વટવા:** જેતુનબીબી સીતાબખાન મેલ (ઉ.વ.૭૦)(રહે.ફેઝલનગર, વિભાગ-૨, મગદુમનગરની બાજુમાં સૈયદવાડી, વટવા) તા.૩૦/૧૦/૧૫ ના ૧૨/૦૦ વાગ્યાના સુમારે ઘરેથી કયાંક ચાલ્યા ગયા છે. મધ્યમ બાંધાના અને શ્યામવર્ણા છે. સફેદ રંગનો પંજાબી ડ્રેસ અને માથે ઓઢણી પહેરી છે. ઉંચાઈ ૫ ફુટ છે. (વટવા પો.સ્ટે.ફોન નં.૨૫૭૧૦૦૭૪) |  |
| **ગોમતીપુરઃ** સુરેશભાઇ મફતલાલ પરમાર (ઉ.વ.૩૬)(રહે.ગુલામ હુસેનની ચાલી, પોપટીયાવાડ, ગોમતીપુર) તા.૧૯/૧૦/૧૫ કલાક ૯/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરેથી કયાંક ચાલ્યા ગયા છે. મધ્યમ બાંધાના અને શ્યામવર્ણા છે. ઉંચાઇ ૫ ફુટ ૪ ઇંચ છે. (ગોમતીપુર પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૨૯૪૧૯૨૧) |  |
| **નિકોલ :** સુનીલભાઇ રમેશભાઇ શેલડીયા (ઉ.વ.૨૩)(રહે.પંચરત્ન ગાયત્રી સ્કુલ પાસે, ખોડીયારનગર, નિકોલ) તા.૨/૧૧/૧૫ બપોરના ૧/૦૦ વાગ્યાના સુમારેથી ગુમ છે.મધ્યમ બાંધાના અને ઘઉવર્ણા છે. કાળા રંગની ટી-શર્ટ અને કાળુ જીન્સ પેન્ટ પહેર્યુ છે.(નિકોલ પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૨૮૭૧૦૯૧) |  |
| **બાપુનગરઃ** મનિષાબહેન રામલાલ ખારોલ (રહે.બાબા ડોહ્નાના છાપરાં, ભીડભંજન રોડ, બાપુનગર) તા.૩/૧૧/૧૫ નાં ૮/૦૦ વાગ્યાનાં સુમારેથી ગુમ છે. મધ્યમ બાંધાના અને ઘઉવર્ણા છે. સફેદ રંગનુ ટોપ અને કાળા રંગની લેગીઝ પહેરી છે. ઉંચાઈ ૪ ફુટ ૭ ઇંચ છે. (બાપુનગર પોલીસ સ્ટેશન ટે. નં. ૨૨૭૦૦૫૮૫) |  |
| **સોલા હાઈકોર્ટઃ** જીગ્નેશભાઈ નટવરલાલ પટેલ (ઉ.વ.૩૨)(રહે.ગુલાબ ટાવર, સોલા બ્રીજ ની બાજુમાં, થલતેજ) તા.૪/૧૧/૧૫ બપોરના ૧૨/૦૦ વાગ્યાના સુમારેથી ગુમ થયા છે. જાડા બાંધાના અને ઘઉવર્ણા છે. પીળા રંગની ટી-શર્ટ અને વાદળી રંગનુ પેન્ટ પહેર્યુ છે. ઉંચાઈ ૫ ફુટ ૪ ઈંચ છે. ( સોલા હાઈકોર્ટ પો.સ્ટેન નંબર ૨૭૬૬૪૫૯૦) |  |
| **વાડજઃ** રાનુબહેન રાજેન્દ્રભાઇ તિવારી (ઉ.વ.૨૧)(રહે.દલાલ બિલ્ડીંગ, જુનાવાડજ) તા.૧/૧૧/૧૫ સવારના ૭/૧૫ વાગ્યાના સુમારેથી ગુમ થયા છે. મજબુત બાંધાના અને ઘઉવર્ણા છે. લાલ રંગની બીંદી ડિઝાઇનની ટી-શર્ટ અને જીન્સ પેન્ટ પહેર્યુ છે. ઉંચાઈ ૫ ફુટ છે.(વાડજ પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૭૪૯૯૬૪૦) |  |
| **શહેરકોટડાઃ** પુષ્પેન્દ્ર મોહનસિંહ યાદવ (ઉ.વ.૨૨)(રહે.પાર્શ્વનાથ ટાઉનશીપ, વિભાગ-૧, નરોડા) તા.૩૧/૧૧/૧૫ કલાક ૭/૦૦ વાગ્યાનાં સુમારે થી ગુમ છે. મજબુત બાંધાના અને રંગે ગોરા છે. આસમાની-સફેદ રંગની લીટી વાળો શર્ટ અને વાદળી રંગનુ જીન્સ પેન્ટ પહેર્યુ છે. ઉંચાઈ ૫ ફુટ ૬ ઈંચ છે.(શહેરકોટડા પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૨૯૨૫૩૩૮) |  |

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)